જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૧/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૮ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ અને ૩૬૪ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૨૫/૧૭

**ઓઢવઃ** આશાબહેન વા/ઓફ રાકેશભાઇ વર્મા (ઉ.વ.૨૩) (રહે.આગમનપાર્ક સોસાયટી વાલ્મીકીનગર સરણીયાવાસ પાસે ઓઢવ) ને આશરે છ વર્ષ અગાઉથી તા.૩૧/૧૨/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પતિ (૧) રાકેશભાઇ શંભુદત વર્મા તથા સાસુ, દિયર અને નણંદ (તમામ રહે,આગમન પાર્ક સોસાયટી, વાલ્મીકીનગર સરણીયાવાસ પાસે ઓઢવ) ભેગા મળી માનસિક અને શારીરિક ત્રાસ આપતા આશાબહેને તા.૩૧/૧૨/૧૬ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં ઉંદર મારવાની દવા પી લઈ આત્મહત્યા કરી હતી. આ અંગેની ફરીયાદ મરણ જનાર આશાબહેનનાં પિતા પુનિતકુમાર ભગવાનભાઇ પટેલ (રહે, અમરનગર મહાકાળીનગરની બાજુમા ઓઢવ) એ તા.૩/૧/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૬/૧૭

**ઓઢવઃ** કાર્તિકભાઇ મફતભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે,ધનલક્ષ્મી સોસાયટી, સોનીની ચાલી પાસે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૧૭ રાતના ૯/૦૦ થી તા.૦૩/૦૧/૧૭ સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સોનીની ચાલી હનુમાનગરના નાકા પાસે આવેલ પોતાનાં ડૉ.કાર્તિક મલ્ટી સ્પેશ્યાલીસ્ટ ડેન્ટલ કેર નામના દવાખાનાનાં શટરનું તાળુ તોડી, દવાખાનામાંથી લેપટોપ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, એક હાર્ડડીસ્ક કિંમત રૂપિયા ૩,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એ.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૭ /૧૭**

**રામોલ:** રાજેશભાઇ બંસીભાઇ પટેલ (રહે.સુર્યમ સ્કાય કર્ણાવતી મેગા મોલની સામે, વસ્ત્રાલ) એ તા.૦૨/૦૧/૧૭ સવારના ૫/૦૦ વાગ્યાનાં સુમારે વસ્ત્રાલ સુર્યમ સ્કાય સોસાયટીના ગેટ પાસે રોડ ઉપર પોતાની બોલેરો પીકપ ગાડી નંબર જીજે.૦૧.ડીઝેડ.૧૭૮૧ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજેશભાઇ પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૮/૧૭**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન: (૧)** કિશનભાઈ મનુભાઈ રાવળ (રહે,ઘાંચીનગરના છાપરાં સુભાષનગર નોબલનગરની બાજુમાં સરદારનગર) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજરોજ તા.૦૪/૦૧/૧૭ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે કિશનભાઈના પિતા મનુભાઈ મથુરભાઈ રાવળ (ઉ.વ.૫૫) નારોલ સર્કલ સરોવર હોટલ સામેથી રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે ટર્બો ટ્રક નંબર જીજે ૧૨ એઝેડ.૮૦૦૭ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી કિશનભાઈને ટક્કર મારતા ટ્રકનુ ટાયર ફરી વળતા સ્થળ ઉપર તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**(૨)** બાબુભાઈ રણછોડભાઈ પરમાર (ક્રિશ્ચન) (રહે,આંબેડકરનગર સંઘવઈ માતાના મંદિર પાસે જૈમીન પાર્કની બાજુમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ સીટીએમ) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૧/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે બાબુભાઈનો પુત્ર ચાલ્સ બાબુભાઈ પરમાર (ક્રિશ્ચન) (ઉ.વ.૨૦) મોટર સાયકલ ચલાવી ઘોડાસરબ્રીજ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બોલેરો કાર નંબર જીજે ૧ ડીઝેડ ૨૨૧૩ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ચાલ્સના મોટર સાયકલને ટક્કર મારતા ચાલ્સને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૨૯/૧૭**

**રીવરફ્રન્ટ (વેસ્ટ) :** હિતેષ ઘનશ્યામભાઈ જોષી (ઉ.વ.૩૦)(રહે.ધુપાભાઈની ચાલી, રામજી મંદિર પાસે ચમનપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૧૭ કલાક ૭/૨૭ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીમાં વાસણા બેરેજ પાસે, ગાંધીબ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભઈ વજસીભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)